# સરઢવ કન્યા શાળા પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા બે શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના સરઢવ ગામે આવેલી કન્યા શાળાની સામે માર્ગ પરની ખુલ્લી જગ્યામાં જુગાર રમતા બે શખ્સોને પેથાપુર પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે જુગારીઓની અંગજડતીમાંથી રૂ.૧૪,૮૦૦ તેમજ દાવ પરની રોકડ રૂ. ૭૦૦ મળી કુલ રૂ. ૧૫,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એ.જી.એરનુરાક અને ટીમના સભ્યો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સરઢવ ગામની ભાગોળે આવતા પોલીસની ટીમને ખાનગી રાહે બાતમી મળી હતી કે સરઢવ ગામ કન્યાશાળાની સામે માર્ગ પર આવેલા ખુલ્લી જગ્યામાં બે શખ્સો પાના પત્તા પર હારજીતનો જુગાર રમી રમાડી રહ્યા છે. બાતમીને પગલે પોલીસે તે સ્થળે રેઈડ કરતા દિનેશ કરશનભાઈ પટેલ રહે.સરઢવ ગામ વેરાતરનો માઢ તા.જી.ગાંધીનગર, ગોપાલભાઈ ગાંડાભાઈ દંતાણી રહે.કોઠા ગામ-આંબલીવાળો વાસ તા.જી.કલોલ, બંન્ને શખ્સોની અંગઝડતીમાંથી પોલીસને રૂ. ૧૪૮૦૦ તેમજ દાવ ઉપરથી રોકડ રૂ.૭૦૦ મળી કુલ રૂ.૧૫,૫૦૦ મુદામાલ સાથે બે શખ્સોને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બેફામ ગતિએ જતી ટ્રક ગીફટ સીટીના સાઈન બોર્ડમાં ઘુસી ગઈ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર રક્ષાશકિત સર્કલથી ગીફટસીટી તરફના માર્ગ પર ગત તા.૪ ના રોજ બેફામ ગતિએ જઈ રહેલી ટ્રકના ચાલકે અચાનક ટ્રક પરનો કાબુ ગુમાવતા ટ્રક ગીફટ સીટીના બોર્ડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. ટ્રક બોર્ડને અથડાતા સાઈન બોર્ડ તુટી ગયું હતું. જેનો પગલે લાખો રૂપીયાનું નુકશાન થવા પામ્યું છે. ગીફટસીટીના સીક્યુરીટી મેનેજરની ફરીયાદને પગલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

તા. ૪ ના રોજ ગાંધીનગર થી શાહપુર બાપા સીતારામ હોટલ ચોકડી તરફના માર્ગે શાહપુર ગામની સીમમાં હાઈ વે માર્ગની બાજુમાં ગીફટ સીટી-૩ કિ.મી. લખેલુ બોર્ડ હતું. આ બોર્ડ સાથે માર્ગ પરથી પુરપાટ ઝડપે પસાર થઈ રહેલી ટ્રક નં. જી.જે.૦૯.એકસ-૮૦૯૩ ધડાકાભેર અથડાઈ હતી. આ ટ્રક અથડાતા સાઈન બોર્ડ તુટી જવા પામ્યું હતું. બનાવને પગલે ગીફટ સીટીના સિક્યુરીટી ગાર્ડે ગીફટસીટી કંટ્રોલને જાણ કરી બોર્ડ તુટી જવા અંગે વાત કરી હતી. જેથી તાત્કાલીક સિક્યુરીટી ઓફિસર આવી જતા તેઓએ બોર્ડ અને ટ્રકના અકસ્માતને પગલે બોર્ડ તુટેલુ નજરે પડ્યું હતું. હાજર ડ્રાઈવરે પણ જણાવ્યું હતું કે શાહપુર બ્રીજ પસાર કરી આગળ વધતા અચાનક ટ્રક માર્ગની બાજુમાં ઉતરી જતા ટ્રક બોર્ડ સાથે અથડાતા તે તુટી ગયેલ છે અને ટ્રકનું રેડીયેટર અને બમ્પર પણને નુકશાન થવા પામ્યું હતું.



## મધુર કેસર કેરી મહોત્સવ ૨૦૧૯નો પ્રારંભ

ગાંધીનગરની પ્રખ્યાત મધુર ડેરી અને ગુજરાતની સર્વશ્રેષ્ઠ સહકારી વેચાણ સંઘ સંસ્થાના સંયુકત ઉપક્રમે કેસર કેરી મહોત્સવ ૨૦૧૯ નો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગુજકોમાસોલ દ્વારા ખેડુતો પાસેથી કેરી ખરીદીને મધુર ડેરીના માધ્યમથી પાંચ કિલો અને દશ કિલો બોક્ષમાં વેચાણ કરવામાં આવશે. બંને સહકારી ક્ષેત્રોના આ જોડાણથી ગાંધીનગરના ગ્રાહકોને કાર્બાઈડ ફ્રી શુદ્ધ કેરી મળી રહેશે. મધુર ડેરીના ચેરમેન અને ગુજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ આ જોડાણને એક મજબુત કડી ગણાવી હતી. સહકારી ક્ષેત્રે ગ્રાહકો અને ખેડુતોને જોડવાની આ એક નવી પહેલ ગણાશે.

# મહિલા હેલ્પલાઈને ભુલી પડેલી બાળાને ઘરે પહોંચાડી તો બીજા કિસ્સામાં દહેગામ તાલુકામાં બાળલગ્ન અટકાવ્યા

ગાંધીનગર, તા. ૭

ગુજરાત રાજ્યની ૧૮૧ મહિલા હેલ્પલાઈન થકી અનેક ઘટનાઓમાં સુખદ પરિણામો પ્રાપ્ત થઈ રહ્યા છે. તાજેતરમાં મહિલા હેલ્પલાઈને બે અલગ અલગ ઘટનાઓમાં સુખદ પરિણામ મેળવી ગુના બનતા અટકાવ્યા છે. કલોલ અને દહેગામ તાલુકામાં બનેલી આ ઘટનાઓમાં ભુલી પડેલી બાળાને તેના માતા-પિતાને હેમખેમ સુપરત કરવામાં આવી હતી. તો બીજી ઘટનામાં ૧૮ વર્ષથી નાની વયની કિશોરીના થતા બાળલગ્ન અટકાવી ગુનો થતો રોક્યો હતો.



મળેલ વિગતો મુજબ દહેગામ તાલુકાના પીપળજ ગામે બાળલગ્ન થતાં હોવાની માહિતી હેલ્પલાઈનને મળી હતી જે અન્વયે કાઉન્સેલર વિલાસ ઝાલા, કોન્સ્ટેબલ અનામિકાબેન પટેલ, પાયલટ ફતેસિંહ દરબાર, બાળલગ્ન પ્રતિબંધક અધિકારી કચેરીના વિશાલભાઈ સાથે ઘટના સ્થળે પહોંચી થઈ રહેલા બાળલગ્ન અટકાવી દીધા હતા તેમજ બાળલગ્ન કરાવનાર મા-બાપને બાળલગ્ન એ ગુનો છે તેની સમજ આપી હતી. ગામના સરપં પાસે બાળલગ્ન નહી થાય તેવુ બાહેંધરીપત્ર પણ લઈ બનતો ગુનો અટકાવી હેલ્પલાઈન મદદરૂપ બની હતી.

તો બીજી ઘટનામાં કલોલ માનવ મંદિર સોસાયટીમાં રહેતા મુકેશભાઈ જાદવે ૧૮૧ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કરી એક ૧૧ વર્ષની કિશોરી મળી આવી હોવાનું જણાવ્યુ હતુ. જેમાં કાઉન્સેલર રેજુબેન વસાવા, પાયલબેન કોન્સ્ટેબલ તથા પાયલટ ફતેસિંહ દરબાર તાત્કાલીક ઘટનાસ્થળે દોડી જઈ કિશોરીનો કબજો મેળવી પુછપરછ હાથ ધરી હતી. ભુલી પડેલી કિશોરીએ પોતાનુ નામ અંકિતાબેન મુકેશભાઈ પટેલ તથા માતાનું નામ અંજુબેન હોવાનુ જણાવ્યુ હતુ તેમજ ઘરનુ સરનામુ યાદ નથી તેવુ જણાવ્યુ હતુ. જેમાં ૧૮૧ની ટીમે સમજદારીપૂર્વક તેને ઘરનો રસ્તો બતાવવા જણાવતા કિશોરીએ ગાડીમાં બેસીને રસ્તો બતાવવા તે ઘર આરસોડીયા ગામે પહોંચ્યો હતો જ્યાં આ કિશોરીને તેના મા-બાપ સાથે મિલાપ કરાવ્યુ હતુ અને માતા-પિતાને સંતાનોની કાળજી રાખવા ભારપૂર્વક જણાવ્યુ હતુ.

આમ ૧૮૧ મહિલા હેલ્પલાઈન રાજ્યમાં પ્રજાજનો માટે આશિર્વાદ સમાન બની રહી છે.

# સુથાર સમાજ ગુજરાતનો ૨૫મો શૈક્ષણિક ઈનામ સમારોહ સંપન્ન



ગાંધીનગર, તા. ૭

સુથાર સમાજ ગુજરાતનો રાજ્યસ્તરીય ૨૫મો શૈક્ષણિક ઈનામ વિતરણ સમારોહ તથા વાર્ષિક સાધારણ સભા, શ્રેષ્ઠીઓનું સન્માન એમ ત્રિવિધ કાર્યક્રમ ગીરીશભાઈ મિસ્ત્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ હતો.

સમારંભનો દીપપ્રાગટ્યથી પ્રારંભ કરી રહેલા ડાહ્યાભાઈ ગજ્જર, ગૌતમભાઈ સુથાર, દિનેશભાઈ મિસ્ત્રી, જે.સી. મિસ્ત્રી, રમેશચંદ્ર મિસ્ત્રી, સુરેશભાઈ મિસ્ત્રી, અશોકભાઈ મિસ્ત્રી, ચંપકભાઈ ઉંડેરાવાળા, જગદીશભાઈ મિસ્ત્રી, સંજયભાઈ ગજ્જર, પ્રમુખ ઠાકોર મિસ્ત્રી અને મુકેશભાઈ મિસ્ત્રી દશ્યમાન થાય છે. સમારંભનું સંચાલન સંજયભાઈ ગજ્જર અનો જાગૃતિબેન મિસ્ત્રીએ કર્યું હતું. નિકિતાબેન ગજ્જર તથા મહાનુભાવોમા હસ્તે તેજસ્વી તારલાઓનું સન્માન કરેલ હતુ.

# પિયજ પ્રાથમિક શાળામાં લીલાબેન પટેલનો વયનિવૃત્ત વિદાય સમારંભ સંપન્ન

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના પિયજ પ્રાથમિક શાળામાં શ્રીમતી લીલાબેન શિવાભાઈ પટેલનો વયનિવૃતિ વિદાય સમારંભ યોજાયેલ હતો.

નારદીપુરમાં જન્મ થયેલ અને પાયાનુ શિક્ષણ, પી.ટી.સી. પણ નારદીપુરથી પ્રાપ્ત કરી શિક્ષણક્ષેત્રે કારકિર્દીની શરૂઆત કરનાર શ્રીમતી લીલાબેન શિવાભાઈ પટેલ કર્તવ્યનિષ્ઠ અને નિરંતર ઉત્સાહી શિક્ષણ તરીકે ૨૨ વર્ષથી પિયજ પ્રાથમિક શાળામાં નિવૃત થતા ગ્રામજનો શિક્ષકો અને વિદ્યાર્થીઓ ભાવવિભોર થયા હતા. આચાર્ય મેહુલભાઈ કવિએ તથા શાળા પરિવારે તેમનો શુભેચ્છાઓ પાઠવેલ હતી.

# દર્દીઓને ગરમીમાં પીવાલાયક ઠંડુ પાણી મળતુ નથી

## સિવિલના વોટર કુલરો શોભાના ગાંઠીયા સમાન

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઠેરઠેર કુલરો ફીટ કરવામાં આવ્યા છે. પંરતુ ચાલુ કેટલા તે ગણો તો આંગળીના વેઢે ગણાય તેટલા વોટર કુલરો શરુ છે. દર્દીઓને આવી કાળઝાળ ગરમીમાં ઠંડા પાણી માટે સિવિલમાં દુર દુર સુધી રઝળપાટ કરવી પડે છે.મનપા દ્વારા આપવામાં આવેલ કુલર ફીટ કરવાના અભાવે પડી રહ્યું છે તો બીજીબાજુ કોર્પોરેશન દ્વારા મુકવામાં આવેલ એટીએમ શરુ થયુ નથી. જેથી દર્દીઓને ગરમીના દિવસોમાં પણ પાણી માટે વલખા મારવા પડે તેવી સ્થિતિ ઉદભવી છે. ત્યારે સિવિલ હોસ્પિટમલાં દર્દીઓ દ્વારા ઠંડા પાણીના પોંકાર ઉઠવા પામ્યા છે.

પાટનગરમાં મેડીકલ કોલેજ બનતા ૬૦૦ બેડની આધુનિક હોસ્પિટલ બિલ્ડીંગ તે ઉપરાંત પાંચ માળની ઓપીડી બિલ્ડીંગ બનાવાઈ છે. આ બિલ્ડીંગ પાછળ તંત્ર દ્વારા કરોડો રૂપીયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ઓપીડી બિલ્ડીંગ અને નવા બિલ્ડીંગ સહિતના સ્થાનો પર વોટર કુલર મુકવામાં આવ્યા છે. પરંતુ તેની હાલત જોવો તો દયનીય બની જવા



પામી છે. ગણતરીના કુલરો સિવાય બધા કુલર બંધ હાલતમાં છે. પરંતુ આ તો સરકારી તંત્ર કહેવાય લાખો રૂપીયાના કુલરો ધુળ ખાઈ રહ્યા છે. દર્દીઓને તેમજ સગાઓને ઠંડા પાણી માટે એક સ્થળેથી બીજા સ્થળે જવુ પડે છે. છતા પણ ઠંડું પાણી મળતુ નથી. હોસ્પિટલના કેમ્પસમાં ઉનાળા પહેલા તંત્રએ વોટર એટીએમનું સ્ટ્રકચર ઉભુ કરી દીધુ હતુ. પરંતુ ઉનાળાનો અડધો થવા છતા તે કાર્યરત થઈ શક્યુ નથી. તે વોટર એટીએમ કાયદાકીય ગોંચમાં પડ્યું છે કે કેમ તે તપાસનો વિષય છે. પરંતુ મનપા દ્વારા આપાવમાં આવેલા કુલર પણ ફીટ ન થતા દર્દીઓ ઠંડુ પાણી પીવા માટે વલખા મારે છે. હોસ્પિટલમાં ઠેરઠેર ફરીને જોવો તો દરેક જગ્યાએ કુલર જોવા મળશે.,પરંતુ વોટર કુલર ગણતરીના જ કાર્યરત છે. ત્યારે ગરમીના દિવસોમાં દર્દથી કણસી રહેલા દર્દીઓને ઠંડુ પાણી મળે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.


This is only an advertisement for information purposes and not for publication, distribution or release directly or indirectly outside India. All capitalized terms used and not defined herein shall have the meaning assigned to them in the Letter of Offer dated March 22, 2019 (the "**Letter of Offer**" or "**LOF**") filed with the Stock Exchanges, namely BSE Limited ("**BSE**") and National Stock Exchange of India Limited ("**NSE**" and together with BSE, "**Stock Exchanges**") and the Securities and Exchange Board of India ("**SEBI**")

vodafone | !dea

**VODAFONE IDEA LIMITED**

*(Formerly Idea Cellular Limited)*

Vodafone Idea Limited (formerly, Idea Cellular Limited) was incorporated as 'Birla Communications Limited', a public limited company under the Companies Act, 1956 with a certificate of incorporation issued by the Registrar of Companies, Maharashtra at Mumbai on March 14, 1995 and a certificate of commencement of business on August 11, 1995. The name of our Company was changed to 'Birla AT&T Communications Limited' and a fresh certificate of incorporation was issued by the Registrar of Companies, Maharashtra at Mumbai on May 30, 1996. The name of our Company was subsequently changed to 'Birla Tata AT&T Limited' and a fresh certificate of incorporation was issued by the then Registrar of Companies, Gujarat, Dadra & Nagar Haveli at Ahmedabad ("**RoC**") on November 6, 2001. The name of our Company was changed to 'Idea Cellular Limited' and fresh certificate of incorporation was issued by the RoC on May 1, 2002. Thereafter, the name of our Company was changed to its present name 'Vodafone Idea Limited' and a fresh certificate of incorporation was issued by the RoC on August 31, 2018. For details, including reasons for changes in the name and registered office of our Company, see "*History and Certain Corporate Matters*" on page 144 of the LOF.

**Registered Office:** Suman Tower, Plot No. 18, Sector 11, Gandhinagar 382 011, Gujarat, India. **Corporate Office:** Birla Centurion, 10th Floor, Century Mills Compound, Pandurang Budhkar Marg, Worli, Mumbai 400 030, Maharashtra, India. **Contact Person:** Mr. Pankaj Kapdeo, Company Secretary and Compliance Officer; **E-mail:** shs@vodafoneidea.com; **Tel:** +91 95940 04000; **Website:** www.vodafoneidea.com; **Corporate Identity Number:** L32100GJ1996PLC030976

**OUR PROMOTERS: MR. KUMAR MANGALAM BIRLA, HINDALCO INDUSTRIES LIMITED, GRASIM INDUSTRIES LIMITED, BIRLA TMT HOLDINGS PRIVATE LIMITED, VODAFONE INTERNATIONAL HOLDINGS B.V., AL-AMIN INVESTMENTS LIMITED, ASIAN TELECOMMUNICATION INVESTMENTS (MAURITIUS) LIMITED, CCII (MAURITIUS), INC., EURO PACIFIC SECURITIES LIMITED, VODAFONE TELECOMMUNICATIONS (INDIA) LIMITED, MOBILVEST, PRIME METALS LIMITED, TRANS CRYSTAL LIMITED, OMEGA TELECOM HOLDINGS PRIVATE LIMITED, TELECOM INVESTMENTS INDIA PRIVATE LIMITED, JAYKAY FINHOLDING (INDIA) PRIVATE LIMITED AND USHA MARTIN TELEMATICS LIMITED.**

**ISSUE OF 19,999,830,911 EQUITY SHARES OF OUR COMPANY OF FACE VALUE ₹10 EACH ("RIGHTS EQUITY SHARES") FOR CASH AT A PRICE OF ₹ 12.50 PER RIGHTS EQUITY SHARE ("ISSUE PRICE") INCLUDING A PREMIUM OF ₹ 2.50 PER RIGHTS EQUITY SHARE AGGREGATING UP TO ₹ 249,997.89 MILLION TO THE ELIGIBLE EQUITY SHAREHOLDERS ON RIGHTS BASIS IN THE RATIO OF 87 RIGHTS EQUITY SHARES FOR EVERY 38 EQUITY SHARES HELD BY THEM ON THE RECORD DATE (THE "ISSUE"). THE RECORD DATE WAS APRIL 2, 2019. THE ISSUE PRICE OF THE RIGHTS EQUITY SHARES WAS 1.25 TIMES THE FACE VALUE OF THE EQUITY SHARES. FOR FURTHER DETAILS, SEE "TERMS OF THE ISSUE" ON PAGE 837 OF THE LOF.**

**BASIS OF ALLOTMENT**

The Board of Directors of Vodafone Idea Limited wishes to thank all its members and investors for their response to the Issue which opened for subscription on April 10, 2019 and closed on April 24, 2019. Out of a total of 87,573 Composite Application Forms ("**CAFs**") (including 35,664 ASBA applications) received, 325 CAFs were rejected on technical grounds. The total number of valid CAFs received were 87,248 for 21,693,022,619 Rights Equity Shares, which was 1.084 times of the total Issue size. The Basis of Allotment was approved by in consultation with BSE, the Designated Stock Exchange on May 04, 2019. The Capital Raising Committee of Board of Directors of the Company took on record the Basis of Allotment so approved, and approved the allotment of 19,999,830,911 Rights Equity Shares at its meeting held on May 04, 2019. All valid CAFs (including ASBA applications) have been considered for allotment.

**1. The break-up of valid applications (including ASBA applications) is given below:**

| Category | No. of Valid Applications (Including ASBA Applications) Received | No. of Rights Equity Shares Accepted and Allotted against Rights Entitlement (A) | No. of Rights Equity Shares Accepted and Allotted against Additional Equity Shares Applied (B) | Total Rights Equity Shares Accepted and Allotted (A+B) |
|---|---|---|---|---|
| Original Shareholders | 85,316 | 15,529,208,600 | 238,961,121 | 15,768,169,721 |
| Renouncees | 1,932 | 4,231,661,190 | - | 4,231,661,190 |
| Total | 87,248 | 19,760,869,790 | 238,961,121 | 19,999,830,911 |

**2. Information regarding total Applications received (including ASBA applications received):**

| Category | Applications Received | | Rights Equity Shares Applied for | | | Rights Equity Shares Allotted | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | Number | % | Number | Value (₹) | % | Number | Value (₹) | % |
| Original Shareholders | 85,638 | 97.79 | 17,416,910,815 | 217,711,387,935.64 | 80.27 | 15,768,169,721 | 197,102,121,512.50 | 78.84 |
| Renouncees | 1,935 | 2.21 | 4,280,391,083 | 53,504,888,609.50 | 19.73 | 4,231,661,190 | 52,895,764,875.00 | 21.16 |
| Total | 87,573 | 100.00 | 21,697,301,898 | 271,216,276,545.14 | 100.00 | 19,999,830,911 | 249,997,886,387.50 | 100.00 |

*An amount of ₹ 10,527.50 will be borne by the Company towards postal & bank charges and excess amount of ₹ 21,218,390,157.64 will be refunded to investors.

** Out of the total of 87,573 CAFs (including 35,664 ASBA applications) 325 CAFs were rejected on technical grounds.

Dispatch/Refund orders: The dispatch of allotment advice cum refund orders and allotment advice cum refund intimation to the Allottees, as applicable, have been completed on May 07, 2019. The refund instructions to HDFC Bank Limited, Axis Bank Limited and State Bank of India Limited (Escrow Collection Banks) for electronic credit cases and to the Self Certified Syndicate Bank ("SCSBs") for unblocking of funds was given by May 04, 2019. The listing application was filed with BSE and NSE on May 06, 2019. The credit in respect of allotment of Equity Shares offered pursuant to the Issue in dematerialized form in National Securities Depository Limited & Central Depository Services (India) Limited, as applicable was completed on May 07, 2019, to the respective demat accounts. The Equity Shares offered pursuant to the Issue are expected to commence trading on BSE and NSE with effect from May 08, 2019, pursuant to their listing and trading approvals and shall be traded under the same ISIN INE669E01016, as the existing Equity Shares.

**INVESTORS MAY PLEASE NOTE THAT THE EQUITY SHARES CAN BE TRADED ON THE STOCK EXCHANGES ONLY IN DEMATERIALISED FORM.**

**IN THE UNITED STATES TO THE US QIBs ONLY**

The Rights Entitlements and the Rights Equity Shares have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended, or any U.S. State Securities Laws and may not be offered, sold, resold or otherwise transferred within the United States or the territories or possessions thereof, except in a transaction exempt from the registration requirements of the Securities Act. The rights entitlements and Rights Equity Shares referred to in the LOF were offered in offshore transactions outside the United States in compliance with regulation S under the Securities Act and in the United States to "Qualified Institutional Buyers" (as defined in rule 144A under the Securities Act) in transactions exempt from the registration requirements under section 4(a)(2) of the Securities Act. The Offering to which the LOF relates is not, and under no circumstances is to be construed as, an offering of any Rights Equity Shares or Rights Entitlements for sale in the United States or as a solicitation therein of an offer to buy any of such securities, except in each case to persons in the United States who are U.S. QIBs. Accordingly, you should not forward or transmit the LOF in or into the United States at any time.

**DISCLAIMER CLAUSE OF SEBI:** Submission of LOF to SEBI should not in any way be deemed or construed that SEBI has cleared or approved the LOF. The investors are advised to refer to the full text of the "*Other Regulatory and Statutory Disclosure - Disclaimer Clause of SEBI*" on page 830 of the LOF.

**DISCLAIMER CLAUSE OF BSE (Designated Stock Exchange):** It is to be distinctly understood that the permission given by BSE Limited should not, in anyway, be deemed or construed that the LOF has been cleared or approved by BSE Limited; nor does it certify the correctness or completeness of any of the contents of the LOF. The investors are advised to refer to the LOF for the full text of the *"Other Regulatory and Statutory Disclosure - Disclaimer Clause of BSE"* beginning on page 831 of the LOF.

**DISCLAIMER CLAUSE OF NSE:** It is to be distinctly understood that the permission given by NSE should not in any way be deemed or construed that the LOF has been cleared or approved by NSE nor does it certify the correctness or completeness of any of the contents of the LOF. The investors are advised to refer to the LOF for the full text of the *"Other Regulatory and Statutory Disclosure - Disclaimer clause of NSE"* on page 832 of the LOF.

**LEAD MANAGERS TO THE ISSUE**

| kotak Investment Banking | Merrill Lynch A subsidiary of Bank of America Corporation | Morgan Stanley | HDFC BANK We understand your world |
|---|---|---|---|
| **Kotak Mahindra Capital Company Limited** 1st Floor, 27 BKC, Plot No. 27, "G" Block, Bandra Kurla Complex, Bandra (East), Mumbai 400 051, Maharashtra, India **Tel:** +91 22 4336 0000 **E-mail:** vil.rights@kotak.com **Investor Grievance E-mail:** kmccredressal@kotak.com **Website:** www.investmentbank.kotak.com **Contact Person:** Ganesh Rane **SEBI Registration No.:** INM000008704 | **DSP Merrill Lynch Limited** Ground Floor, "A" Wing, One BKC, "G" Block, Bandra Kurla Complex, Bandra (East), Mumbai 400 051, Maharashtra, India **Tel:** +91 22 6632 8000 **E-mail:** dg.vodafoneidea_rights@baml.com **Investor Grievance E-mail:** dg.india_merchantbanking@baml.com **Website:** www.ml-india.com **Contact Person:** Anirudh Singh Sankhla **SEBI Registration No.:** INM000011625 | **Morgan Stanley India Company Private Limited** 18F, Tower 2, One Indiabulls Centre, 841, Senapati Bapat Marg, Mumbai 400 013, Maharashtra, India **Tel:** +91 22 6118 1000 **E-mail:** vodafoneidea_issue@morganstanley.com **Investor Grievance E-mail:** investors_india@morganstanley.com **Website:** www.morganstanley.com/about-us/global-offices/asiapacific/india **Contact Person:** Vaibhav Gupta **SEBI Registration No.:** INM000011203 | **HDFC Bank Limited** Investment Banking Group, Unit No. 401 & 402, 4th Floor, Tower B, Peninsula Business Park, Lower Parel, Mumbai 400 013, Maharashtra, India **Tel:** +91 22 3395 8233 **E-mail:** vodafoneidea.rights@hdfcbank.com **Investor Grievance E-mail:** investor.redressal@hdfcbank.com **Website:** www.hdfcbank.com **Contact Person:** Ravi Sharma **SEBI Registration No.:** INM000011252 |

| LEAD MANAGERS TO THE ISSUE | REGISTRAR TO THE ISSUE | COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER |
|---|---|---|
| SBI Capital Markets Limited **SBI Capital Markets Limited** 202, Maker Tower 'E', Cuffe Parade, Mumbai 400 005, Maharashtra, India **Tel:** +91 22 2217 8300 **E-mail:** Vil.rights@sbicaps.com **Investor Grievance Email:** Investor.relations@sbicaps.com **Website:** www.sbicaps.com **Contact Person:** Sambit Rath **SEBI Registration No.:** INM000003531 | Bigshare **Bigshare Services Private Limited** 1st Floor, Bharat Tin Works Building, Opp. Vasant Oasis, Makwana Road, Marol, Andheri East, Mumbai 400 059, Maharashtra, India. **Tel:** +91 22 6263 8200, **E-mail:** rightsissue@bigshareonline.com **Investor Grievance E-mail:** vil.investors@bigshareoline.com, **Website:** www.bigshareonline.com **Contact Person:** Mr. Ashok S Shetty, **SEBI Registration No.:** INR000001385 | **Pankaj Kapdeo** Birla Centurion, 10th Floor, Century Mills Compound, Pandurang Budhkar Marg, Worli, Mumbai 400 030, Maharashtra, India. **Tel:** + 91 95940 04000 **E-mail:** pankaj.kapdeo@vodafoneidea.com Investors may contact the Registrar to the Issue or the Company Secretary and Compliance Officer for any pre-Issue/post-Issue related matter. All grievances relating to the ASBA process may be addressed to the Registrar to the Issue, with a copy to the SCSB, giving full details such as name, address of the Applicant, folio number or demat account number, serial number of the CAF, number of Rights Equity Shares applied for, Amount blocked, ASBA Account number and the Designated Branch of the SCSB where the CAF, or the plain paper application, as the case may be, was submitted by the ASBA Investors. |

**THE LEVEL OF SUBSCRIPTION SHOULD NOT BE TAKEN TO BE INDICATIVE OF EITHER THE MARKET PRICE OF THE EQUITY SHARES OR THE BUSINESS PROSPECTS OF THE COMPANY.**

For **VODAFONE IDEA LIMITED**
On behalf of the Board of Directors
Sd/-
Pankaj Kapdeo
Compliance Officer

**Place:** Mumbai
**Date:** May 7, 2019

Adfactors 69